# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAKSHA BANDHAN OVERALL

સમગ્ર દેશમાં આજે ભાઈ-બહેનના અતૂટ સ્નેહ અને પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં રક્ષાબંધન નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. આ અવસરે સોમનાથ મહાદેવ દાદાને રાખડીનો શણગાર કરાયો. ગુલાબ, સેવન્તી સહિતના વિવિધ પુષ્પ તેમજ કેસરી પિતામ્બરથી શોભાયમાન સોમનાથ મહાદેવના અદ્ભૂત શ્રૃંગારના દર્શનનો લ્હાવો લઈ ભક્તોએ ધન્યતા અનુભવી.

અરવલ્લીના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં શ્રાવણી પૂનમની ઉજવણી નિમિત્તે ભગવાન શામળિયાને ભક્તો દ્વારા સોનાની રાખડી અર્પણ કરવામાં આવી. આ સાથે જ ભગવાનને વિશેષ વાઘાં અને સોનાના આભૂષણનો અનોખો શણગાર કરાયો છે. આ અંગે પૂજારી પરેશ રાણાએ વધુ માહિતી આપી.

**(BYTE: PARESH RANA, PUJARI)**

*(શ્રાવણ માસ અને તેમાંય પૂર્ણિમા રક્ષાબંધનનો સુંદર પર્વ ભગવાનને સુંદર રીતે કેસરી જરીના વાઘા ધરાવી અને સુસજ્જ કર્યા છે. ભક્તોના દ્વારા લાવેલી અનેક રાખડીઓ ભગવાનને અર્પણ કરવામાં આવશે અને દરેક ભગવાન જોડે એ શુભાશિષની યાચના કરશે કે ભાઈ અમારા ભાઈઓ બધા સુરક્ષિત રહે અને અમારા સઘળા જીવનના મનોરથ પૂર્ણ થાય.)*

તો, ખેડાના સુપ્રસિદ્ધ તીર્થધામ ડાકોરમાં રણછોડરાયજી મંદિરમાં રક્ષાબંધનની ઉજવણી નિમિત્તે કાળિયા ઠાકોરને મોતીની રાખડી ધરાવવામાં આવી છે. આ અંગે મંદિરના સેવક સંજય સેવકે વધુ માહિતી આપી.

**(BYTE: SANJAY SEVAK)**

# RAKSHA BANDHAN OVERALL - 2

*(આજનો આ પર્વ ભાઈ-બહેનના અતૂટ પ્રેમનો અને આશીર્વાદનો ઉત્સવ કહેવાય છે. રાજાધિરાજને આજે શુભ મુહૂર્તમાં રક્ષા બાંધવામાં આવે છે અને એ રક્ષા દશેરાના દિવસે હાથીઘોડા પાલખી ભગવાન બિરાજમાન થઈને શમીના વૃક્ષ નીચે અર્પણ કરે છે. બહેનની ખૂબ જ શુભાશિષથી ભાઈઓના સર્વ સુખાકારી પ્રાપ્ત થાય છે.)*

**સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં રક્ષાબંધનની ઉજવણી દરમિયાન ભાવુક દ્રશ્યો જોવા મળ્યા. આ અંગે જેલર પી. ડી. હિહોરિયાએ વધુ માહિતી આપી.**

**(BYTE: P. D. HIHORIYA, JAILOR)**

*(દરેક કેદીઓની અહીં બહેનો સાથે મુલાકાત દરમિયાન જે લાગણીસભર દ્રશ્ય જોવા મળે છે, તેનાથી સમાજને એક સંદેશો પહોંચી શકે છે કે તેમનો પરિવાર પણ તેઓ માટે એક લાગણીથી આતુરતાથી રાહ જોઈ રહેલા છે. જ્યારે પણ એવી લોકોને સમાજમાં પાછા જવાનો મોકો મળે છે, ત્યારે તેઓ પોતાના પરિવારને ખુશ રાખે અને ફરીથી આવા કૃત્યો ન કરે, તે માટે એક સંદેશો સમાજમાં ફેલાય તે માટેનો એક આ પ્રયત્ન છે.)*

**છોટાઉદેપુરમાં પણ જિલ્લાની એકમાત્ર સબજેલમા બહેનોએ તેમના કેદી ભાઈઓને રાખડી બાંધી હતી.**

**બીજી, દેવભૂમિદ્વારકામાં બળેવ પૂનમના પવિત્ર પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. મોટી સંખ્યામાં ભક્તો ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા પહોંચ્યા છે. આ ઉપરાંત બ્રહ્મ સમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત ધારણ કરાયું. વૈદિક મંત્રોચ્ચાર સાથે ધાર્મિક વિધિ સંપન્ન કરવામાં આવી.**

**જામનગરમાં મહિલાઓએ એક રાખી ફૌજી કે નામ અભિયાન અંતર્ગત સેનાના જવાનોને રાખડી બાંધી હતી. દેશની સરહદે ફરજ બજાવતા જવાનો પ્રત્યે સન્માન અને લાગણી વ્યક્ત કરવા મહિલાઓએ અનોખી પહેલ હાથ ધરી.**

# RAKSHA BANDHAN CELEBRITIES

રાજ્યભરમાં વિવિધ મહાનુભાવોએ પણ આજે રક્ષાબંધનની ઉજવણી કરી. ગાંધીનગરમાં લોકભવન ખાતે SOS સંસ્થાના કચ્છ-ભુજ કેન્દ્રની બાળાઓએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને રાખડી બાંધી તેમને પોતાના હાથેથી તૈયાર કરેલું ચિત્ર ભેટમાં આપ્યું. રાજ્યપાલશ્રીએ પણ બાળાઓ સાથે સંવાદ કરી તેમનાં શિક્ષણ, અભ્યાસ અને ભવિષ્યના ધ્યેય અંગે માહિતી મેળવી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે સુરતમાં પરિવાર સાથે રક્ષાબંધનની ઉજવણી કરી સૌને આ પર્વની શુભેચ્છાઓ પાઠવી.

તો, અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી પોલીસમથકની શી ટીમની મહિલા કર્મચારીઓએ રાજ્ય પોલીસ વડા – DGP જ્ઞાનેન્દ્રસિંહ મલિકને રાખડી બાધી તેમના દુર્ઘાયુની કામના કરી. રાજ્ય પોલીસ વડાએ પણ મહિલા પોલીસકર્મીઓની પહેલને વધાવી તેમની કામગીરીની બિરદાવી હતી.

મહેસાણામાં મેયર સોનલ ઓઝાએ સ્વચ્છતાના સાચા સિપાહીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી. આ પ્રસંગે તેમણે સ્વચ્છતા કર્મચારીઓને મિઠાઈ અને ભેટ આપી. તેમજ તેમની મહેનત, સેવાભાવ અને નિષ્ઠાને બિરદાવી હતી.

# GUJARAT MISSING PEOPLE NEPAL

નેપાળ-તિબેટ સરહદ પર વિનાશક પૂર બાદ નેપાળમાં અત્યાર સુધી ગુજરાતના 24 લોકો ગુમ હોવાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, SEOC એટલે કે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને વિવિધ જિલ્લામાંથી 24 લોકો ગુમ હોવાની માહિતી મળી છે.

# CR PAATIL ON NEPAL SITUATION

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે નેપાળમાં સર્જાયેલી ભયાનક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી. સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ મામલે નેપાળની સરકાર સાથે સતત સંપર્કમાં છે.

**(BYTE: C. R. PAATIL, UNION JALSHAKTI MINISTER)**

*(ગુજરાતના અને દેશના ઘણા બધા પ્રવાસીઓ ત્યાં નેપાળમાં પ્રવાસમાં હતા અને એમને પણ લગભગ ૧૫૦ થી વધુ ગુજરાતીઓ આમાં અસરગ્રસ્ત થયા હોય એ પ્રકારના સમાચાર છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના નિર્દેશથી માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ નેપાળના સરકાર સાથે સંપર્કમાં છે. એમને જરૂરી મદદ પણ પહોંચાડી રહ્યા છે. લગભગ ૪૭.૫ ટન સહાય એ પણ તાત્કાલિક નેપાળને મોકલવામાં આવી છે.)*

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 137-મી કડી હશે. આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનની તમામ ચેનલ્સ, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને મોબાઈલ એપ પર કરાશે.

સાથે જ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ્સ પર પણ "મન કી બાત" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરશે.